## નમુનો-ડ (જુઓ નિયમ ૧૦)

**વિકાસ માટે રજાચિઠ્ઠી નંબર** ૨૨૪

**ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ (રાષ્ટ્રપતિનો અધિનિયમ સને ૧૯૭૬ નો ક્રમાંક ૨૭) ની કલમ ૨૯ (૧) (૧), ૨૯ (૧) (૨) / ૨૯ (૧) (૩) અથવા ૪૯ (૧) (બ) અન્વયે આથી રજાચિઠ્ઠી મંજૂર / ~~નામંજુર~~ કરવામાં આવે છે.**

**પ્રતિ,** ચિરાગ હસમુખભાઈ પટેલ
૨૦૨, મારુતિ શરણમ્
વિદ્યાનગર રોડ, આણંદ

**વિગત :-**

આણંદના રે.સ.નં- ૪૭૬+૪૭૪/પ માં બાંધકામની રીવાઈઝ્ડ પરવાનગી મેળવવા બાબત.

**નીચે પ્રમાણેની શરતો/વિગતોને આધીન :-**

આણંદના રે.સ.નં- ૪૭૬+૪૭૪/પ માં બાંધકામ અંગે રજુ કરેલ રીવાઈઝ્ડ પ્લાન મુજબ જરૂર જણાયે રેવન્યુ ખાતાની જરૂરી મંજુરી મેળવી લેવાની શરતે તેમજ રસ્તાના પ્રવેશ હકક અંગેની તમામ જવાબદારી અરજદારશ્રીના શિરે રાખી બાંધકામની રીવાઈઝ્ડ પરવાનગી આપવામાં આવે છે.

PAtel

**અધ્યક્ષ**

**નગરપાલિકા કચેરી, આણંદ**

**તા.** ૭ - ૮ - ૨૦૨૨

**આણંદ વિસ્તાર વિકાસ સત્તા મંડળ,**
**આણંદ.**

**આ પરવાનગી પાછળ જણાવ્યા મુજબ શરતોનું પાલન કરવાની શરતે આપવામાં આવી છે.**

# -: શરતો :-

૧. આ પરવાનગી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની ૧૯૭૬ (સને ૧૯૭૬ નો ક્રમાંક ૨૭) ની કલમ ૨૭ અને ૪૯ મુજબ આપવામાં આવી છે. અને તે એક વર્ષની મુદત માટે માન્ય છે.

૨. ખાનગી તથા રેવન્યુ ખાતાની તકરારનું જોખમ પરવાનગી માંગનારને શીરે રહેશે તથા આ પરવાનગી અસર કોઈના ખાનગી હક્કને થતી નથી.

૩. મંજુર કરેલા લે આઉટ સિવાય વધારાનું બાંધકામ અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય કરી શકાશે નહીં તેમ છતાં બીન પરવાનગીનું બાંધકામ કરવામાં આવશે તો તોડી પાડવામાં આવશે અને તેમ થતાં સઘળો ખર્ચ પરવાનગી માંગનાર પાસેથી વસુલ કરવામાં આવશે.

૪. રસ્તા ઉપર પાલખ તેમજ માટી, રોડા, ઈટો, કચરો વિગેરે તેમજ ઇમારતી સામાન આ વિભાગની પરવાનગી લીધાં સિવાય મુકવા નહીં યા નાખવા નહી અને અરજદાર પરવાનગી મેળવી હોય તો ઉપરના સામાનથી આવનાર જનાર વ્યક્તિઓને તથા વાહન-વ્યવહાર વિગેરેને કોઈપણ જાતની હરકત થવી જોઈએ નહીં.

૫. પરવાનગી મુજબનું બાંધકામ પુરુ થયા પછી સદર મકાનનો ઉપયોગ કરવા માટે બાંધકામ પુરુ થયાનું કમ્પ્લીશન સર્ટીફીકેટ મેળવવાનું રહેશે. તેમજ કમ્પ્લીશન સર્ટીફીકેટ મેળવ્યા બાદ જ બાંધકામનો ઉપયોગ કરવાનો રહેશે.

૬. આ પરવાનગીથી મંજુર થયા મુજબના નકશા મુજબ બાંધકામ કરવાની જવાબદારી પરવાનગી મેળવનારની રહેશે.

૭. આ પરવાનગી લાઇટ, પાણી, ગટર, રસ્તાઓ કે અન્ય કોઇ સગવડ આપવાની જવાબદારી રાખ્યા સિવાય આપવામાં આવી છે. તેમજ ઉપરોક્ત સગવડો નગરપાલિકાના નીતિનિયમની મર્યાદામાં રહી અનુકૂળતાએ આપવા વિચારાશે.

૮. આ પરવાનગી મળેથી સરકારશ્રીનો બીન ખેતીનો ધારો તથા અન્ય ધારાની રકમો લેન્ડ રેવન્યુ કોડ મુજબ થાય તે પરવાનગી માંગનારને શિરે છે અને તે ભરવાની કાર્યવાહી કરવાની તમામ જવાબદારી પરવાનગીદારની ગણાશે.

૯. આ પરવાનગીથી મંજુર કરવામાં આવેલ નકશા મુજબના બાંધકામ અંગેની સ્ટ્રક્ચરલ સેફ્ટી (બાંધકામની સલામતી) તેમજ ફાયર સેફ્ટી અંગેનું પ્રોવિઝન કરવાની સંપૂર્ણ જવાબદારી આ પરવાનગી મેળવનારની તેમજ બાંધકામ કરતા કોન્ટ્રાક્ટર તથા જે તે કન્સલ્ટીંગ / આર્કિટેક્ટની રહેશે.

૧૦. ખાસ શરત : સરકારશ્રીના શ. વિ. અને શ. ગૃહ નિર્માણ વિભાગના ૨૫-૯-૨૦૦૧ હુકમ નં. પ૨૨/૧૦ ૨૦૦૧/૪૫૫/૯/ની જોગવાઈઓનું ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

ઉપર મુજબની શરતો વાંચી સમજી છે જે અમોને કબુલ મંજુર છે. પરવાનગી મળ્યાની સહી.

| | | |
|---|---|---|
| | **નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ,**<br>**આણંદ શાખા** | નગર નિયોજકશ્રીની કચેરી<br>ભુલાભાઈ એસ્ટેટ,ત્રીજો માળ<br>આણંદ–વિધાનગર રોડ તથા ૮૦ ફુટના<br>રોડના જંકશન નજીક<br>એસ.એન.મોટર્સ સામે–આણંદ<br>જી–આણંદ –૩૮૮૦૦૧ |

નં.બીપી/આણંદ/ ૮૦૭ તા.૨૧.૦૪.૧૧

પ્રતિ,
શ્રી કનુભાઈ ચંદુભાઈ પટેલ વિગેરે
C/o સુભાષ એસોસીએટ
જી–૩૬, વૈભવ કોર્મશીયલ સેન્ટર
ગ્રીડ રોડ–આણંદ

વિષય:–મોજે:–આણંદ તા.જી:–આણંદના <u>સ.નં.૪૭૬+૪૭૪/૫ વાળી</u> જમીનમાં રહેણાંક હેતું માટેના લે–આઉટ પ્લાન બિનખેતીની ભલામણ કરવા બાબત.

સંદર્ભ:– આપશ્રીની તારીખ ૨/૪/૧૧ ની અરજી લગત પત્રાંક:–.

આપશ્રીના ઉપરોકત પત્રથી આવેલ લે–આઉટ નકશા મુજબના તાંત્રીક ચકાસણી મુજબ નિયમાનુસાર હોય નીચેની શરતોને આધિન રહીને બિનખેતી માટે ભલામણ કરવામાં આવે છે.શરતી ભલામણ કરેલ નકશાની એક નકલ અત્રે દફતરે રાખી બાકીના નકશા આ સાથે સામેલ રાખેલ છે.

<u>શરતો:–</u>

(૧) સવાલવાળી જમીનની <u>ઉતરે</u> થી પસાર થતાં વર્ગિકૃત રસ્તાથી છોડવા પડતા માર્જીનલ અંતરો અંગે સંબંધિત ખાતાનો અભિપ્રાય મેળવી લેવાનો રહેશે.
(૨) સવાલવાળી જમીનની માલિકી,સ્થળ સ્થિતિ,હદોના માપો,હકક/હીત ક્ષેત્રફળ વિગેરે બાબતે મહેસુલી ખાતા દ્વારા ચકાસણી કરાવવા રહેશે.તથા સવાલવાળી જમીનની અધિકૃત માપણી કરાવીને સક્ષમ અધિકારીશ્રી દ્વારા તે મુજબ આગળની કાર્યવાહી કરવાની રહેશે.
(૩) નકશામાં દર્શાવ્યા મુજબના માપો,માર્જીન તથા ખુલ્લી જગ્યાઓ સ્થળ ઉપર છોડવાની સંપુર્ણ જવાબદારી માલિકની /એન્જીનીયરની રહેશે.
(૪) નકશામાં દર્શાવ્યા સિવાયનું વધારાનું બાંધકામ કરતાં પહેલા તેના નકશા મંજુર કરાવવાના રહેશે.
(૫) કોમન પ્લોટ અને રસ્તાની જમીન સોસાયટીની સહીયારી માલિકીની અથવા સર્વે પ્લોટ હોલ્ડરોની /મકાન ધારકોની સહીયારી માલિકીની ગણાશે.તે ઉપર મુળ જમીન માલિકનો કોઈ હકક/હિસ્સો રહેશે નહિ.
(૬) સવાલવાળી જમીનમાં બાંધકામ કરતાં પહેલા કુલ <u>૨૫૫</u> નંગ વૃક્ષો ઉછેરવાના રહેશે.
(૭) બીનખેતીના કામની પરવાનગી શરતી નકશા જે તે સ.નં./અંતિમખંડ/પ્લોટમાં અરજદાર જે જમીનના માલિક છે.તે જમીન પુરતી શરતી મંજુરીનો અભિપ્રાય આપવામાં આવેલ છે.
(૮) સૌપ્રથમ કલેકટરશ્રી– આણંદ પાસેથી બીનખેતીની મંજુરી મેળવી લેવાની રહેશે.અને ત્યાર બાદ બાંધકામ કરવાનું રહેશ.

ONLY OFFICE USE
This Document's Is Not Support By FINANCE LOAN.
Only Check & Verified USE

C:\Documents and Settings\shunilbhai\Desktop\BP-LAMBHVEL.doc

(૯) સદરહું પરવાનગી કલેકટરશ્રી– આણંદ ની પરવાનગી લેવાની રહેશે.ત્યારબાદ બાંધકામના પ્લાનની વિગતવાર ચકાસણી તથા બાંધકામની પરવાનગી સ્થાનિક સંસ્થા પાસેથી મેળવી લેવાની રહેશે.
(૧૦) આ પરવાનગી /શરતી ભલામણના ડઆધારે અરજદારની માલિકી તથા જમીનની હદો વિસ્તાર તથા ક્ષેત્રફળ અંગેની મંજુરી મળતી નથી.
(૧૧) તળાવ/નદીથી છોડવા પડતાં માર્જીનલ અંતરો અંગે સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ નિયમો મુજબ સંબંધિત સક્ષમ અધિકારીશ્રીનો અભિપ્રાય મેળવી લેવાનો રહેશે.
(૧૨) ભવિષ્યમાં લાગું સર્વે નં./બ્લોક નં.માં વિકાસ થશે જે ધ્યાને લઈને રસ્તાની કન્ટીન્યુટી જળવાઈ રહે તે માટે રસ્તા (પ્રવેશ) ખુલ્લા રાખવા રહેશે.
(૧૩) હાલના સંજોગો મુજબ પ્રવર્તમાન ભુકંપની પરિસ્થિતિને અનુસરીને સરકારશ્રી દ્વારા બહાર પડાયેલં નિયમો(વિગતો)ને ધ્યાને લઈને આખરી પરવાનગી સંબંધિત સક્ષમ અધિકારીશ્રી પાસેથી લેવાની રહેશે.
(૧૪) સવાલવાળી જમીનનું સોઈલ ટેસ્ટીગ કરાવી તે મુજબની સ્ટ્રકચર ડીઝાઈન કરાવવાની રહેશે.તથા બાંધકામની આખરી પરવાનગી લેતાં પહેલા સદર સર્ટીફીકેટો તથા નકશા સંબંધિત સક્ષમ અધિકારીશ્રીને પાસે રજુ કરી ખરાઈ/ચકાસણી કરાવી લેવાની રહેશે.
(૧૫) સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૨૦.૫.૨૦૦૧ના હુકમ નં.પચ/૧૦૨૦૦૧/૪૫૫/લ,ની જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
(૧૬) દર ૪૦૦૦ ચો.મી.જમીન દીઠ એક પરકોલેટીગ વેલની સુવિધાઓનું આયોજન કરવાનું રહેશે.
(૧૭) અગાઉ બીનખેતી થયેલ હોઈ નકશા તથા હુકમની ખરાઈ સક્ષમ અધિકારીશ્રી પાસે કરાવી લેવાની રહેશે.
(૧૮) સર્વે નં.૪૭૪/૫ માં આવેલ ગધા. ક.– ૪૩ ની પરવાનગીની ખરાઈ સક્ષમ અધિકારીશ્રી પાસે કરાવી લેવાની રહેશે.
(૧૮) સર્વે નં.ની દક્ષિણ તથા પુર્વ દીશામાં આવેલ નાળીયા રસ્તાની સમાંતર લે–આઉટ પ્લાનમાં દર્શાવ્યા મુજબ ભુરી હેષથી દર્શાવેલ જમીન રસ્તા તરીકે કાયમી ખુલ્લી રાખવાની રહેશે.

નગર નિયોજક
આણંદ

બિડાણ:–ઉપર મુજબ

<u>નકલ રવાના (અરજદારશ્રી દ્વારા રૂબરૂ)પ્રતિ,</u>
(૧)કલેકટરશ્રી–આણંદ તરફ (નકશા અને સોગંદનામાની નકલ સહ)જાણ સારૂ.
(૨) અધ્યક્ષશ્રી, વિસ્તાર વિકાસ સત્તામંડળ <u>આણંદ</u> તરફ જાણ સારૂ

C:\Documents and Settings\shunilbhai\Desktop\BP-LAMBHVEL.doc